# વધુ બે ભારતીય ગેસ ટેન્કરો હોર્મુઝમાંથી નીકળ્યા

**આ બે** ટેન્કરોમાં પણ દેશની એક દિવસની જરૂરિયાત જેટલો એલપીજી છે

**બંને** જહાજો 26 માર્ચથી 28 માર્ચની વચ્ચે ભારતીય કાંઠે પહોંચશે

**સ્ટ્રેટ** ઓફ હોર્મુઝમાં અત્યારે ભારતના વધુ 5 એલપીજી કેરિયર ફસાયેલા છે

નવી દિલ્હી, તા. 23 (પીટીઆઈ): મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ભીષણ યુદ્ધ વચ્ચે ભારત માટે રાહતના સમાચાર આવ્યા છે. દેશમાં એક દિવસના વપરાશ જેટલો રાંધણ ગેસ (એલપીજી) લઈને આવી રહેલા બે ભારતીય ટેન્કરો, 'પાઈન ગેસ' અને 'જગ વસંત', સુરક્ષિત રીતે હોર્મુઝની સામુદ્રધુની ઓળંગી ગયા છે.

આ બંને ટેન્કરો 26 માર્ચથી 28 માર્ચની વચ્ચે ભારતીય બંદરો પર પહોંચે તેવી શક્યતા છે. શિપ ટ્રેકિંગ ડેટા અનુસાર, આ જહાજોએ પોતાની ઓળખ સ્પષ્ટ કરવા માટે ઈરાનના લારક અને કેશ્મ ટાપુઓ વચ્ચેના માર્ગનો ઉપયોગ કર્યો હતો.

બંદર અને શિપિંગ મંત્રાલયના વિશેષ સચિવ રાજેશ કુમાર સિંહાએ જણાવ્યું કે, આ બંને જહાજોમાં 92,612 ટન એલપીજી ભરેલો છે. અગાઉ 'એમટી શિવાલિક' અને 'એમટી નંદા દેવી' પણ સફળતાપૂર્વક ગુજરાતના મુંદ્રા અને કંડલા બંદરે પહોંચી ચૂક્યા છે. નોંધનીય છે કે, યુદ્ધ ફાટી નીકળ્યું ત્યારે પર્શિયન ગલ્ફમાં કુલ 28 ભારતીય જહાજો ફસાયેલા હતા, જેમાંથી હવે 22 જહાજો અને 600 જેટલા ભારતીય ખલાસીઓ હજુ પણ ત્યાં છે.

છેલ્લા કેટલાક દિવસોથી હોર્મુઝની સામુદ્રધુનીના બંને તરફથી બે-બે જહાજો સુરક્ષિત રીતે બહાર નીકળવામાં સફળ રહ્યા છે. ક્રૂડ ઓઈલ લઈને આવી રહેલું 'જગ લાડકી' 18 માર્ચે મુંદ્રા પહોંચ્યું હતું, જ્યારે ઓમાનથી આફ્રિકા જતું 'જગ પ્રકાશ' ટેન્કર પણ સુરક્ષિત રીતે સામુદ્રધુની ઓળંગીને અત્યારે તાંઝાનિયાના માર્ગે છે.

પશ્ચિમ તરફ જે 22 જહાજો ફસાયેલા છે, તેમાં પહેલા 6 એલપીજી કેરિયર હતા, પરંતુ એક ખાલી જહાજમાં ગેસ ભરાતા એલપીજી કેરિયર્સની સંખ્યા 7 થઈ હતી જેમાંથી બે બહાર નીકળી આવ્યા છે.

ભારત તેની જરૂરિયાતનો 60% એલપીજી અને 88% ક્રૂડ ઓઈલ આયાત કરે છે, જેનો મોટો હિસ્સો આ સામુદ્રધુની દ્વારા આવે છે. વિશ્લેષકોના મતે, ઈરાન માત્ર પસંદગીના જહાજોની માલિકી અને કાર્ગોની ચકાસણી કર્યા બાદ જ તેમને પસાર થવા દે છે. ભારત સરકાર અત્યારે ફસાયેલા તમામ જહાજો અને ખલાસીઓની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી રહી છે.


**શ્રી સુરત ક્ષત્રિય સમાજ ટ્રસ્ટ**

ટ્રસ્ટ રજી. નં. A ૧૫૬૩ તા. ૦૫-૦૮-૧૯૫૫

સીગાપુરી વાડી, સલાબતપુરા, સુરત - ૩૯૫ ૦૦૩ મો: ૯૫૭૪૦૦૯૩૫૫

Email: sssta1563@gmail.com • Website: www.kshatriyasamaaj.org

:: ડેવલોપર/બિલ્ડર જોઈએ છે ::

સુરત સ્થિત ખટોદરામાં આવેલ ખરવરનગરમાં ૫૭ બિલ્ડીંગ જર્જરીત થઈ હોય સમાજ ટ્રસ્ટ રીડેવલપમેન્ટ કરવા માંગે છે.
રીડેવલપમેન્ટ કરવા ડેવલોપર/બિલ્ડર જોઈએ છે. રસ ધરાવતી સંસ્થાએ કરેલા કામોની વિગત તેમજ સંસ્થાની વિગત સમાજ ટ્રસ્ટને મોકલવા વિનંતી.





# ન્યૂયોર્ક એરપોર્ટ પર પ્લેન અને બંબા વચ્ચે જોરદાર ટક્કર

**બે** પાયલટનાં મોત

**રનવે** પર લેન્ડિંગ વખતે સર્જાયો ભયાનક અકસ્માત; એર કેનેડાના વિમાનનો આગળનો ભાગ કચડાયો

**એરપોર્ટના** અન્ય એક ભાગમાં સર્જાયેલ ઇમરજન્સી માટે આ વાહન દોડી રહ્યું હતું તે સમયે આ અકસ્માત સર્જાયો

ન્યૂયોર્ક, તા. ૨૩: ન્યુયોર્કના લાગાર્ડિયા એરપોર્ટ પર રવિવારે મોડી રાત્રે લેન્ડિંગ કર્યા પછી એર કેનેડાનું એક પ્રાદેશિક જેટ રનવે પર ફાયર ટ્રક સાથે અથડાયું હતું, જેમાં પ્લેનનો આગળનો ભાગ કચડાઈ ગયો હતો.

આ અકસ્માતની તપાસથી વાકેફ એક વ્યક્તિના જણાવ્યા અનુસાર, દુર્ઘટનામાં બે લોકોનાં મોત થયા છે, તેઓ પાયલટ અને કો-પાયલટના હતા.

એરલાઇનના નિવેદન અનુસાર, એર કેનેડા વતી કાર્યરત આ 'જેઝ એવિએશન'ની ફ્લાઇટમાં 72 મુસાફરો અને ક્રૂના ચાર સભ્યો સવાર હતા. આ ફ્લાઇટ કેનેડાના મોન્ટ્રીયલના મોટા એરપોર્ટ, મોન્ટ્રીયલ-પિયર એલિયટ ટ્રુડો ઇન્ટરનેશનલ એરપોર્ટ પરથી રવાના થઈ હતી. પોર્ટ ઓથોરિટી ઓફ ન્યુયોર્ક એન્ડ ન્યુજર્સીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, રાત્રે આશરે 11:45 વાગ્યે આ જેટે એક બચાવ અને અગ્નિશામક વાહનને ટક્કર મારી હતી, જે વાહન અન્ય એક ઘટના સંદર્ભે કામગીરી માટે જઇ રહ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું કે તપાસ માટે એરપોર્ટને સવારે 3 વાગ્યા સુધી બંધ કરી દેવામાં આવ્યું હતું.

ઘટનાસ્થળ પરથી મળેલા ફોટા અને વીડિયોમાં વિમાનના આગળના ભાગને ભારે નુકસાન થયેલું જોવા મળી રહ્યું છે, જેમાં ક્ષતિગ્રસ્ત કોકપિટમાંથી વાયરો અને કાટમાળ લટકી રહ્યો છે. તેની નજીકમાં જ એક ક્ષતિગ્રસ્ત ઇમરજન્સી વાહન પણ પલટી ખાઈ ગયેલું જોવા મળી રહ્યું છે.

## અબુ ધાબીમાં મિસાઈલ હુમલો નિષ્ફળ: કાટમાળ પડતા ભારતીય ઈજાગ્રસ્ત

**દુબઈ, તા.** 23 (PTI) સત્તાવાળાઓએ સોમવારે જણાવ્યું હતું કે, અબુ ધાબીના અલ શવામેખ વિસ્તારમાં બેલેસ્ટિક મિસાઈલને સફળતાપૂર્વક તોડી પાડ્યા બાદ\R તેનો કાટમાળ માથે પડવાને કારણે એક ભારતીય નાગરિકને સામાન્ય ઈજા થઈ છે. એર ડિફેન્સ સિસ્ટમે આવતી મિસાઈલનો સામનો કર્યો તે પછી ઈમરજન્સી ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી. મિસાઈલનો કાટમાળ રહેણાક વિસ્તારમાં પડ્યો હતો. અબુ ધાબી મીડિયા ઓફિસે એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, "અબુ ધાબીના સંબંધિત સત્તાવાળાઓએ અલ શવામેખ વિસ્તારમાં એર ડિફેન્સ સિસ્ટમ દ્વારા બેલેસ્ટિક મિસાઈલને સફળતાપૂર્વક તોડી પાડી હતી. આ ઘટનામાં એક ભારતીય નાગરિકને સામાન્ય ઈજા થઈ છે." પોસ્ટમાં વધુમાં જણાવાયું છે કે, "જનતાને યાદ અપાવવામાં આવે છે કે, તેઓ માત્ર સત્તાવાર સ્ત્રોતો પાસેથી જ માહિતી મેળવે અને અફવાઓ અથવા વણચકાસાયેલ માહિતી ફેલાવવાનું ટાળે."



### ચમોલીમાં ધોધ થીજી ગયો

ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં કાતિલ ઠંડીને કારણે નીતિ વેલીનો આ ધોધ જાણે સમયની સાથે જ થીજી ગયો છે. માઈનસ ડિગ્રી તાપમાનમાં વહેતું પાણી બરફની સફેદ ચાદરમાં ફેરવાઈ ગયું છે, જ્યાં સાહસિક પર્યટકો કુદરતના આ અનોખા 'આઈસ શિલ્પ' પર ઉભા રહીને રોમાંચ અનુભવી રહ્યા છે.




## રણવીરની 'ધુરંધર'માં મોટી ભૂલ: સીનમાં કેમેરામેન દેખાતા નેટિઝન્સમાં ચર્ચા

**એડિટિંગની** બેદરકારી કે નોલાનને અંજલિ? અરીસામાં કેમેરામેન દેખાતા વીડિયો વાયરલ



મુંબઈ, તા. 23: રણવીર સિંહની ફિલ્મ 'ધુરંધર: ધ રિવેન્જ' અત્યારે સોશિયલ મીડિયા પર જોરદાર ચર્ચામાં છે, પણ કોઈ ડાયલોગ માટે નહીં પરંતુ એક 'ભૂલ' માટે! ફિલ્મના એક હાઈ-વોલ્ટેજ સીન દરમિયાન, જ્યાં હમઝા (રણવીર) અને પિંડા (ઉદયબીર સંધુ) વચ્ચે બાથરૂમમાં જોરદાર ફાઈટ ચાલે છે, ત્યાં બાજુના અરીસામાં કેમેરામેન સ્પષ્ટ દેખાઈ રહ્યો છે, જોકે આ દ્રશ્ય બહુ ઓછા સમય માટે પડદા પર આવે છે પણ તેજ નજરવાળા દર્શકોએ તેની નોંધ લીધી હતી. નેટિઝન્સમાં હવે બે ફાંટા પડી ગયા છે. કેટલાક ચાહકો તેને હોલીવુડ ડાયરેક્ટર ક્રિસ્ટોફર નોલાનની ફિલ્મ 'ધ ડાર્ક નાઈટ'ની એક ભૂલ સાથે સરખાવી રહ્યા છે અને તેને આદિત્ય ધરની નોલાનને 'માસ્ટરસ્ટ્રોક અંજલિ' ગણાવી રહ્યા છે. જ્યારે બીજી તરફ, ઘણા લોકો તેને એડિટિંગની ગંભીર બેદરકારી અને 'ક્વોલિટી કંટ્રોલ'નો અભાવ કહી રહ્યા છે. હવે આ જાણી જોઈને રાખેલી 'ડિટેલિંગ' છે કે નજરચૂક, એ તો મેકર્સ જ જાણે, પણ અત્યારે તો આ કેમેરામેન રણવીર કરતા પણ વધુ વાયરલ થઈ રહ્યો છે!

## ટ્રોલર્સને દીપિકાનો જડબાતોડ જવાબ: રણવીર સાથે 'ધુરંધર 2'ની કરી ભવ્ય ઉજવણી



મુંબઈ, તા. 23: 'ધુરંધર 2'ની સફળતા વચ્ચે છેલ્લા કેટલાક દિવસોથી લોકો સોશિયલ મીડિયા પર દીપિકા પાદુકોણને સતત ટ્રોલ કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, રણવીર સિંહના દમદાર પર્ફોર્મન્સ અને ફિલ્મની શાનદાર કમાણી વચ્ચે દીપિકા પાદુકોણે મૌન ધારણ કરી રાખ્યું હતું.

## સંજય કપૂર પ્રોપર્ટી વિવાદ: રાણી કપૂરે વહુ પ્રિયા સચદેવને ટ્રસ્ટમાંથી હટાવ્યાં



નવી દિલ્હી, તા. 23: દેશના જાણીતા બિઝનેસમેન કપૂર પરિવારમાં હાલમાં મોટો વિવાદ સામે આવ્યો છે. અહેવાલ છે કે રાણી કપૂરે તેમની વહુ અને સ્વ. સંજય કપૂરની પત્ની પ્રિયા સચદેવને આરકે ફેમિલી ટ્રસ્ટમાંથી હટાવવાનો નિર્ણય લીધો છે.

## છૂટાછેડાના એક દાયકા બાદ પ્રિયદર્શન અને લિઝી ફરી સાથે




ચેન્નાઈ, તા. 23: લગભગ એક દાયકા પહેલાં અલગ થયા બાદ પ્રખ્યાત ફિલ્મ-દિગ્દર્શક પ્રિયદર્શન અને ભૂતપૂર્વ અભિનેત્રી લિઝી લક્ષ્મીએ તેમના સંબંધને બીજી તક આપવાનો નિર્ણય લીધો છે. જોકે, ફરીથી લગ્ન કરવાને બદલે તેમણે લગ્ન વિના સાથે રહેવાનો નિર્ણય લીધો છે. તાજેતરમાં એક ઇન્ટરવ્યુમાં આ વાતની પુષ્ટિ કરતાં પ્રિયદર્શને ખુદ કહ્યું હતું કે, ''લગ્ન પ્રમાણપત્ર વગર અમે પહેલાંની જેમ સાથે રહીએ છીએ.'' ગયા વર્ષે એક લગ્નમાં બંને સાથે જોવાં મળ્યાં હતાં, જેમાં તેઓ આરામદાયક અને ખુશ દેખાતાં હતાં. ત્યાર બાદ લિઝીએ મામૂટી સાથેની પોતાની તસવીર સોશિયલ મીડિયામાં શેર કરી હતી, જેનાથી તેમના સંબંધોની અફવાઓ વધુ ફેલાઈ હતી.


